ધુળ ઉડાડે સૂર્ય પર—જાય નહીં ઢંકાઈ.
આગી ઉઠે જગતમાં—સતપંથની સચ્ચાઈ.

લેખક:—વરતેજી.

પ્રકાશક,

ધી ઈસ્માઈલી-સાહિત્ય મંડળ.

તરફથી

ઈબ્રાહીમ જુસબ વરતેજી.
મુંબઈ નં. ૯.

આવૃત્તી ૧ લી — પ્રત—૨૦૦૦

સંવત ૧૯૮૨—ઈ. સ. ૧૯૨૬—હી. ૧૩૪૪

કિંમત એક પૈસો.

ધી પ્રિન્ટીંગ વર્કસ, ખાજાની મોહલ્લો, મુંબઈ, નં. ૯.

૪–આકાશી સાંકળની વાતાં

૫-એક વિચીત્ર મુસાફરની કથા

૬–હિન્દુ–મુસ્લીમ ઐકયતાનાં ખરા કારણો

૭–૧૩૦૦ વરસની મુનાફીક ફરેબ !

૮-જંદગીનુ રહસ્ય !

પ્રકટ કર્ત્તા.

બુક વેચનારાઓને માટે !

અમારા સાહિત્ય મંડળ તરફથી છપાયલી બુકોનુ જાહેર વેચાણ કરનારાઓના માટે કમીશન આપવામા આવશે, કારણ કે અમારો હેતુ ધાર્મિક પ્રચારકનાં સાધન તરીકે હોવાથી. તેવી લાયકાત બતાવનારાઓને માટે ઘણી સારી તક રહેશે. માટે બુક વેચનારાઓએ આ બાબતમાં રૂબરૂમાં આવી દરેક ખુલાસો મેળવી જવો.

પ્રકટ કર્ત્તા.

ર—વર્તમાન પત્રોની
ઈસ્માઈલી ચર્ચા વાંચનારને!!!

વિનંતી કે—આપનાં બહોળા અનુભવવાળા ધાર્મિક ભેજામાં અવાર નવાર ઈસ્માઈલી આગાખાની ખોજાઓની જમાતનાં રીતરિવાજ અને ધર્મ સબંધી જુદા જુદા લેખકોએ ચર્ચા મુકી છે. અલબત! લેખોનું વાંચન જાહેર હોવાથી અમારી કોમ ખાતર તમો જે ભેજુ રોકો છો તેમાં તમારી એ લાગણી પ્રશંશનીય છે. તે સાથે અમારી કોમમા સુધારા વધારાઓની પણ આવશ્યક્તા છે. અને તે માટે અમારી કોમ તરફથી એક ઈસ્માઈલી અઠવાડીક પત્ર નીકળે છે. છતાં આ જણાવવું કદાચજ નકામુ નીવડે, બીજા પત્રમાં ચર્ચા કરનારાઓની તેમ અનુભવ સાથેની સુચના કરવાની હોત, તો બેશક તે માનને પાત્ર છે. પરતુ અત્યાર પર્યંતના લેખો ઉપરથી એક કોમ તરફ અને ધર્મ તરફ જે જે ઉપલકીયા દભથી ટીકા કરવામાં આવી છે, તેમાં ભાગ્યેજ ખટપટ કે ફસાદ ઉભો થાય એવું નથી હોતું.

એક જાહેર પત્રકાર ઉપર કોઈ પ્રજાનાં વિભાગમાંથી ચર્ચા આવે, તેને સારી નજરે જગા આપવામાં તેઓ ઠપકાપાત્ર નહીં ગણાય. તોપણ પુખ્ત અનુભવી અને લેખનું સારાસારપણું સમજનાર અધિપતિની ફરજ છે, કે તેમાંથી નિસ્વાર્થ લેખો તારવી કાઢીને પછી જગા આપવી. અમારા પ્રિય લેખકોમાનો "તંબુરનોતાર" અને "ઈસ્માઈલી બેકારી" જેવી બાબતે. જેટલી ઉપર ટપકેથી સુંદર અને સુંવાળી છે; તેટલીજ ઝેરીલી છે. એ આપને એક વખત માલુમ પડ્યા પછી અમોને ઉમેદ છે કે, તેવાઓ તમારા વખતનો ગેરલાભ લેઈ ન શકે.

પ્રથમ "તંબુરાના તાર" ની બાબતમાં તેનાં ગુપ્ત લેખકે ઇસ્માઇલી ધર્મના ઉત્તમ સિદ્ધાંતોને ખોરવી નાંખનારા આવી રીતે અથવા મુળ વસ્તુ કાવ્યમાંથી લોપ કરી, જુદી તરજ દેખાડવા કોશેશ કરી છે.

"પ્રજા–મિત્ર" તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૧૯૨૫ના પેજ ૯ મે આવેલાં "ઇમામ બેગમનાં કાવ્ય" પૈકી "૧૦ ને ૧૧" મી કડીયોનો લોપ કરી, તેને બદલે તે નંબર ઉપર ૧૨–૧૩–નંબરની કડીયો મુકી છે. (નીચે મુજબ કાવ્ય પ્રકટ થએલું છે.)

[સતપંથ જ્ઞાન સાગર ભાગ ૩ જો.]

૭૬ મુ ગીનાન.

[રચનાર–બીબી ઇમામ બેગમ]

દરશન દિયો મોરા નાથ—દાસી હું તેરી.
એજી દાસી તેરી સ્વામી તેરે દર ઉભીજી!
અરજ કરે છે જોડી હાથ–દાસી હું તેરી—૧
એજી! હાથ જોડીને શામી અરજ કરૂં છુંજી
હરદમ રહેજો મોરે સાથ–દાસી હું તેરી—૨
એજી! હરદમ શામી મારા રિદા માંહે રેજોજી
અલગા મ થાજો એક સાસ–દાસી હું તેરી—૩
એજી! સામી અલગા નથી તુને અલગા કરી નવ જાણું જી
આ ઘટોઘટ બોલો છો મોરા નાથ–દાસી હું તેરી—૪
એજી! સામી તેરે અંતકો અંત–તુંહીજ જાણેજી
સામી મોરા મોટા છો સમરથ–દાસી હું તેરી—૫
એજી! જુગો જુગ શામી મારા–ભગત ઉગારયાજી
ઉત્તમ સદા છે સતપંથ–દાસી હું તેરી—૬

એજી! ધ્રુ, પેલાજ, રુખમુગાત રાજાજી
ભગત કમલાશન સાથ–દાસી હું તેરી—૭
એજી! હરીચંદ, તારા રાણી–કુંવર રોઈદાસજી
વચને વેચાણા હાથોઈ હાથ–દાસી હું તેરી—૮
એજી! પાંચ પાંડવ–માતા કુંતાજી કહીયેજી
સતી દ્રુપદી છે સાથ–દાસી હું તેરી—૯
એજી પીર સદરદીન બુઝરગ કહીયેજી
બાર કરોડીનાં કંથ–દાસી હું તેરી—૧૦
એજી અણુંત કરોડી પીર કબીરદીન સાથેજી
તેનું વર દીધું નકલંકી નાથ–દાસી હું તેરી—૧૧
એજી! નર નકલંકી જ્યારે નવશા થાશેજી
થાશે તે વિશ્વ કુંઆરીનો કંથ–દાસી હું તેરી—૧૨
એજી! કહેત ઈમામ બેગમ, સુણો મોરા સામીજી
એટલું માગું હું મોરા નાથ–દાસી હું તેરી—૧૩

તેમાં નીચેની કડીયો લોપ કરી છે; તેમાંજ ઇસ્માઇલી ધર્મની સાબીતીના મુદ્દા હોવાથી તેને છુપાવવાની ધૃષ્ટતા કીધી છે.

[એ કડીયો નીચે મુજબ અસલ ગ્રંથમાં મોજુદ છે:–]

એજી! પીર સદરદીન બુજરગ કુહીએ.
બાર કરોડીનાં કંથ—દાસી હું તેરી.
એજી અણુત કરોડી પીર કબીરદીન સાથેજી.
તેનું વર દીધું નકલંકી નાથ—દાસી હું તેરી.

ઉપલાં બે બુઝરગ પીરો, પીર સદરદીન સાહેબ અને પીર હસન કબીરદીન સાહેબ જેઓનાં બોધથીજ અમારી બોજા આગાખાની ઇસ્માઇલી ધર્મની પ્રથમ હીન્દ ખાતે સ્થાપનાં જામી છે. જે હિન્દુ મુસ્લમીન ભિન્નતા દુર કરનાર છે.

મજકુર સાહેબોનાં નામો જાહેરમાં ન મુકવાનો હેતુ, એ હોવો જોઇયે, કે તેમ કરવાથી * ઇમામ બેગમ સાહેબા જેવણુ સંવત ૧૫૧૦ માં મુબઈ ખાતે ઇસ્માઇલી ધર્મનાં અનુયાયી તરીકે પધારેલા હતાં. તેવણુ વિદ્વાન હોવાથી ઇસ્માઇલી ધર્મ મતનો પ્રચાર પોતાના કાવ્ય કિર્તન મારફતે કરતા હતા. તેમના સાથે બે ખોજા ગ્રહસ્થો હતા. જેઓ સારંગીમાં બીબી ઇમામ બેગમનાં રચેલાં કીર્તન વગાડી ગાઇ સભળાવવા સાથે ફરતા હતા. એમ સત્તાવાર જાણવામાં આવ્યું છે.

મહાન ઇસ્લામ ધર્મની નિરમળ તાલીમ–ઇસ્માઇલી ફિરકામાં હોવાનું, જે જે સિધ્ધાંતો વડે, તેઓ પ્રસિદ્ધ કરતાં, તેમાં આવાં ભકિત હૃદયનાં બીબી સાહેબના કાવ્યોને—ઇસ્લામના નામે એક તરફી રજુ કરવાની કોશીશ અલબત ઇસ્માઇલી ધર્મને ગેર ઇન્સાફ કરનારી છે. કારણુ કે **ઇસ્માઇલી ધર્મ** ખરી રીતે જોતાં ખુદાઇ ધર્મ છે. ને તેને પાળનાર કદીપણુ હીન્દુ–મુસલમીનમાં પક્ષપાતી નજર રાખતો નથી, કે તેમ ઇસ્લામ ધર્મનો ઉદ્દેશ છે, છતાં અપૂર્ણ ઇસ્લામીયો–સનાતન ધર્મનાં સત્ય સિધ્ધાંતોને જુદા માને છે, ઉપરાંત તેનાં દરેક વખતનાં કાવ્યનાં અર્થોમાં મુળ રહસ્ય તજી દઈ, બુદ્ધી પુર્વક ઇસ્માઇલી ધર્મનાં અનુયાયીયોનાં હૃદય દુભાવે છે! છેલ્લે "બુધ્ધા" અવતારનાં જે જ્ઞાનનાં પાઠો રજુ કર્યાં છે, તે જેટલા છે, તેટલા ઉત્તરોત્તર છે. પરન્તુ અર્થ કરવામાં વાપરેલી બુધ્ધિ તીરસ્કારપાત્ર છે! એટલુજ નહીં, પરન્તુ તેનાં રચનાર પીર સદરદીન સાહેબના ઉચ્ચ આશયને તેની પોતાની આલીનતા મુજબ ઉતારી પાડી–ધર્મ અનુયાયી જીગરને દુખાવવાનો પ્રયત્ન કર્યો છે.

* આ માનવંતા સૈયદ ખાનદાનનાં બાનુને લગતી વધુ હકીકતો અમારી સાહિત્ય સીરીઝમાં હવે પછી વિસ્તારથી પ્રગટ થશે. (લેખક.)

સંક્ષિપ્તમાં સુજ્ઞ વાંચકનું જાહેર રીતે ખેંચેલું ધ્યાન—એટલાજ માટે છે, કે અમારા ધર્મનાં બોધ કર્તા મહાન પીર સાહેબોનાં રચેલાં જ્ઞાન શાસ્ત્રમાં કુરઆન શરીફ માફક અથવા વેદ ને ગીતા માફક ગભીર રહસ્ય સમાયેલું છે; તેને વગર સનદનાં ગુમનામ, પછી તે ગમે તે દરજ્જો ધરાવનાર હો, તેવાને ગેરલાભ લેવા જાહેરમાં જે સ્થાન આપો તે અટકાવો, એવાજ હેતુ વડે આ ચર્ચાને પ્રસિદ્ધ કરી છે.

હવે—આ પરથી આપની સજ્જનતા ઉપર વિશ્વાસ મુકવામાં આવે છે, કે ધર્મ જેવી નાજુક બાબતમાં—છુપા હેતુ વડે બીજાનાં દીલ દુખવનારને આપ **સાહેબ** સુજ્ઞ વાંચક અટકાવવા ચાહશો, બલકે તેની તેવી ઇચ્છાની સફાઇ માટે, અમારા **ઇસ્માઈલી-ઓના** સાધન વડે—અપાયેલાં જવાબ સુધી તેની ઉપર વજન ન આપવામા વાજબી પણું માનશો.

"ઇસ્લામ અને ઇસ્લામી"ઓના માનવત લેખકની પણ અમારા રીત રિવાજો માટે ચર્ચા કરવામાં શુદ્ધ બુધ્ધિ જણાય છે, પરતુ શાસ્ત્રમાં કહેલું છે કે— [શ્લોક.]

કેવલં શાસ્ત્ર મુદસ્ય—નહી કર્તવ્યો હી નિર્ણય
યુકિત હીને વિચારેતુ—ધર્મ નાશઃ પ્રજાયતે છે.

એટલે—કે, બીજા શાસ્ત્રમાં લખાયલું છેવટના નિર્ણય કરવાને યોગ્ય નથી, કારણકે યુક્તિ વગરના વિચારથી ધર્મનો નાશ થાય છે.

એ મિસાલે અમારી ધારમીક અને સંસારી વિષયમાં બીજા ફીરકા વાળાઓ રસ લે તે અજુકતું થઇ પડે, તેમાં નવાઇ નથી. પારકી પચાતીમાં પડનારાઓને શિર પ્રથમ પોતાનાજ કુટુંબ અને પોતાનીજ કોમનાઓ માટે, અનુભવ યુક્ત શિખામણ દેવી લાઝમ છે, તેટલી અવરનાઓ માટે કિનારો કરવો તે ડહાપણ છે.

મજકુર લેખક કુશળતા ધરાવવાનાં દરેક લક્ષણો ધરાવે છે, બલ્કે તેવી ચરચા-કરવાનો પોતાનો હક ઉકમાઇથી રજુ કરે છે. પરંતુ તેમની ચરચાથી પોતે શું ખોજા કોમને નફો કરી બતાવ્યો તે દેખાડશે, તો તેમને સરવાયામાં ટોટોજ દેખાશે. કારણ એ છે, કે દરેક કોમ પોતપોતાનું પોત જેવું પોતે સમજી શકે તેવું દુરનાઓ હરગીઝ નહી સમજે. આ ઉપરથી અમારૂં કહેવું સવિનય એમ છે કે, કોમનાજ લોકો, પણ જ્યાં સુધી પુર્ણ પણે અનુભવ ધરાવે નહીં, ત્યાં સુધી તેઓ પણ ખરૂં સમજી શકતા નથી કે સુચવી શકતા નથી. બધાય વૈદો ચિકિત્સા કરવામાં ફત્તેહ મેળવનારા નથી; ધનવંત્રીઓ તો જવલ્લે નીકળી આવે છે.

દાખલા તરીકે, અમારી ધારમીક ક્રિયા ઇસ્લામના ૭૨ ફિરકાઓમાં છે, તે બધા કરતાં તદ્દન અલગ અને નિરાળી છે. પરંતુ કોઇપિણ જાણી શકતા નથી કે, તે કુરઆન શરીફથી નિકટ સંબંધ ધરાવનારા અને ખુદાઇ કલામના રહસ્યોથી ભરપુર છે. છતાં તે ચાલની સારી લાગણીથી જોનારને પોતાનાં પક્ષપાતનાં લીધે, કઢંગા અને ઇસ્લામથી નિરાળા લાગે !! જ્યાં સુધી તે વિષે તેના અનુભવીઓ ખુલાસો કરી સ્પષ્ટ ન કરે ત્યાંસુધી તે હરગીજ સમજી શકાય નહીં તેવા છે.

હવે આવા મુદ્દાઓ ઉપર પોતાથી કોતાહ નજરથી જે જે ટીકા કરે તે વાજબી કેમ કહેવાય ?

એકાદ દાખલાથી તે સ્પષ્ટ થશે.

અમારી પવિત્ર ક્રિયા, જે ઘણીજ ગુપ્ત આજસુધી કરવામાં આવતી હતી, હવે તેને જાહેર કરવા જમાનો આવી લાગ્યો હોવાથી, તેના પ્રથમ અંગ તરફ ઇસ્લામીનું ધ્યાન ખેંચીશું, તો તે નાવાકેફ હોવાથી ઇસ્લામથી નિરાળું અને તિરસ્કાર ભર્યું કહેશે.

તે મંત્ર એ છે કે:-" શુડ .વિશ્નુ, ઝાડ બ્રહ્મા, ડાળે ડાળે મહેશર! પાને પાને રીખીસર દેવતા! એ નુરાની વરખ સબ્ર સુફ્ળ સહીસાચા-"

આ મંત્ર ઘણોજ કીંમતી અમો માનીએ છીએ, બલ્કે ખુદાઇ નુર પ્રાપ્ત કરવાના સાધન તરીકે ગણીએ છીએ.

જો એક સાદો પણ ઇસ્લાંમી અને કેટલાક અમારા અજાણ ઇસ્માઇલીઓ, જેઓ અમારા ધર્મમાં વ્હેમ, અને ખોટી આસ્થા માનનાર સુધારકો છે, તેને પણ હસવા સરખો એ મંત્રનો ફકરો લાગશે. બલ્કે ટીકા કરશે ને તિરસ્કાર પણ દેખાડશે.

આવી રીતે ટીકા કરનારની અજાનતા હોવાથી, અમારે ચુપજ રહેવું બહેતર હોય, કારણકે "જવાબે જાહેલાં ખમોશી બાશદ" અજાનતાનો જવાબ ચુપકીદી છે.

પરંતુ અમો, જો હવે એ ચુપકીદીનો અર્થ જાહેરમાં ન મુકીયે, તો જાહેરમાં અવગણના કરાવવાનું તોહમત વ્હોરવા સરખું થાય છે.

ઉક્ત મંત્ર એક હીન્દુ શાસ્ત્રના સ્વરૂપમાં છે, પરંતુ તે ખરી રીતે તો કુરઆને શરીફની પવિત્ર આયાતનાં તરજુમાને અમારા બાપદાદાની બાવિક્તાનું સ્વરૂપ આપવાની અમારા માનવતા પીર સાહેબોએ તજવીજ કીધી છે, કે જેમ કરવાને હ૦ રસુલે ખુદાનું ફરમાન છે.

હદીસ—કલ્લે મુનાસા બિમ્મા યાઅેરફુન—વ માદઅવનાં માયોરિફુનઃ અંતુંયોકઝઝેબો હુલ્લાહો વર-રસુલા એટલે—તમો માણસોથી એવા રૂપમાં વાત કરો, કે જેવાં રૂપમાં તેઓનો ભાવ હોય, જેમા ભાવ ન હોય, તેવું રૂપ મુકી દયો! નહીં તો, તેઓ તમારા અલ્લાહને અને રસુલને જુઠ લાવશે.

આ ઉપરથી કદીપણુ એ મતલબ સમજવાનો નથી, કે આવી યુક્તિ વાપરવા જુઠાણું વાપરવામાં આવે.

મજકુર મંત્ર કુરઆને શરીફમાં હુબહુ સુરે આયદાની આયાત ઉપરથી ગોઠવેલ છે કે.

આયાત:—શજરતુન મોબારકતુન અસલોહા સાબેતુન વફરઓહા ફિસ સમાએ

એટલે—મુબારક ઝાડ કે જેનું મુલ ઘણું મજબુત અને તેની ડાળીયો આસમાનમાં ગયેલ છે. મજકુર આયાતની તફસીર હ૦ ઇમામ મહમદ બાકેર અ૦ ને પૂછવામાં આવી, તેમણે ફરમાવ્યું કે:—

તે ઝાડ હ૦ નબી મહમદ મુસ્તુફા છે! તેનું થડ હ૦ અલી છે. તેની ડાળીયો ઇમામો છે, ને તેનાં પાંદડાં મોમીનો છે.

અમારા પીરોની ઉપલી મતલબને હુબહુ હીન્દુશાસ્ત્ર સંમત અમારા બપાવાઓને સમજાવી કે—

થુડ વિશ્નુ, ઝાડ બ્રહ્મા, ડાળે ડાળે મહેશર ને પાને પાને રિખસર દેવતા! એ નૂરાની વરખ સદા સુફળ સહીસાચા.

અમો કળીયુગમાં વિશ્નુનું સ્વરૂપ હ૦ અલીને દશમો અવતાર માનીએ છીયે-બ્રહ્માનું ચોથું રૂપ નબી મહમદને માનીએ છીયે. જે માટે અલ્લોપનિષદનો ૩ જો શ્લોક.

અલ્લોર રસુલ મહમદર કબરસ્ય.

એટલે-અલ્લાહના રસુલ (નબી) મહમદ (સાહેબ) મહાન ગુરૂ છે, જે ઝાડ રૂપ હ૦ રસુલના વંશમાં પરંપરા થતા રહેતા ઇમામો શાખા રૂપ છે. ને રીખીસર એટલે જેને કુરઆનમાં મોમીન (ઇમાન લાવનાર) ને ગણ્યા છે, એ ઝાડનાં પાતરાં રૂપ છે. અને ફળ તે ઝમાનાના ઇમામના ફરમાન છે.

ઉપરાંત—મોમીનનો સંબંધ જે પાંદડાથી બતાવ્યો છે. તે એટલે સુધી કે, જેટલી મોમીનોની સંખ્યા છે તેટલાંજ એ ઝાડ ઉપર પાંદડાં છે! જો એક મોમીન ગુજરી જાય છે, તો તે ઝાડમાંથી એક પાતડું ખરી જાય છે. એક મોમીન જન્મે છે, તો એક પાતડું નવું ઉગે છે.

મજકુર આયાતની તફસીર—મકબુલ તરજુમાને તફસીવાળા કુરઆને શરીફમાં તેમજ હયાતુલ કાલુબ ઉરદુ જીલ્દ ત્રીજીમાં જનાબ મુલ્લાં બાકર મજલસી અલયહિર રહમાને દરજ કરેલ છે.

ઉપલા નમુના ઉપરથી અમારી ધાર્મીક-ક્રિયાની ટીકા કરનારની મુર્ખાઈ જણાઈ આવશે. બલ્કે તેઓ કુરઆને શરીફનાં અસલ રહસ્યની સમજ વગરનાં અંધાપામાં મશ્કરી કરવાનો અઝીમ ગુનાહ વ્હોરે છે! માટે અમો વિનવીએ છીએ. કે, ફરિલામી શાસ્ત્રો અને ક્રિયા તરફ પોતાની હુશીયારી દેખાડનારે આંચકો ખાવો. એમાં ખુદાની ખુશનુદી સમજવી અને પોતાની બેહતરીના આમાલો ઉપર અમલ કરી આકેબતની આકરી જોખમદારીમાંથી બચવા પ્રયત્ન કરવો.

આપ સુજ્ઞ વાંચક સમાજને તો ઉપલાં સંક્ષિપ નમુનાથી ખાત્રી થશે, કે જાહેર પત્રમાંજ મોટી મોટી કોલમો રોકનારાઓ અમારા શાસ્ત્ર વિશે કેટલા અજ્ઞાન છે? ને તેઓએ કેવા તકનો ગેર લાભ લીધો છે. હવે અમારા સસારીક રિવાજ તરફ પોતાની ટુંક બુદ્ધિથી સુચના કરનારા મી० દાસ (નહીં પણ કામી ગંદકી પર ઉડનાર ડાંસ) અને તેના જેવા બીજા લેખકો માટે જણાવવાનું કે:—

તે ગરીબ અને બેકાર અથવા લાચાર ઇસ્માઇલી કુટુંબોનું વર્ણન કરી તેમને મદદ કરવા ભલામણ કરે છે, તે ખોટા છે,

એમ અમારૂં કહેવું નથી. પરતુ તેઓ જે માર્ગ દોરવે છે, તે માત્ર કહેવું ને કરવું એ એમાં જે તફાવત છે, તેવો છે.

મજકુર લેખક ધારે છે તેવી ગરીબાઈ માટે ઢેડ ભંગીને મદદ કરવા સારૂ, રીક્લીએશન કલબને પોતાના જાત ભાઇ માટે ફરજ સમજાવે છે આ પણ એક દુરદેશપણાની ગેરહાજરીનુંજ પરિણામ છે.

અમારા રાહબર નામદાર આગાખાન સાહેબના અનુયાયીની ગણત્રી, બીજા લોકો મુજબ કરે છે, એ તેમની કોતાહ અક્કલ છે! અમારા ગરીબ ને લાચાર દેખાતા ભાઇઓ, જેઓ ખરેખરી રીતે દુનીયાદારીના સંકટમાં હશે ને ઇમાનદાર હશે, તેઓને પુછી જોવાથી માલુમ પડશે, કે તેઓ રીક્લીએશન કલબના ગેર ઇસ્લામીને ઇસ્લામમાં દાખલ કરવાના કાર્ય માટે અપાતી રકમમાંથી પોતાના નિભાવ માટે લેવા રાજી છે? કે પોતાની તંગદસ્તીનું સંકટ છતાં મજકુર ખાતામાં પોતાના વખતનો ભોગ આપી, જાત મહેનતથી તે ખાતાંની મદદ કરી આત્મિક શાંતિ પ્રાપ્ત કરવા પસંદ કરે છે? તેનો ખુલાસો જાતે પુછી જોશો તો પોતાના વિચારો અવસ્ય ફેરવવા પડશે.

નજરે પડતા! વગર ધંધાના ગરીબ વર્ગમાં ઇમાનદારીનો જુસ્સો એ દરકાર તવંગરો અને સુધારક બટેખાંઓ કરતાં, હજારો દરજ્જે કીંમતી હોય છે. ને તેઓ દુનીયામાં ખાવાપીવાની તંગી વખતે જેમ તેમ નિભાવી આખેતરની શાંતિની કદર કરનારા છે, તેઓ નામદાર આગાખાન સાહેબને ધારમીક નજરે પોતાની કમાઇમાંથી ચોક્કસ હક આપવાની ફરજને સમજનાર છે, તેઓ નામદારના પૈસા લેવા કરતાં, બની શકે ત્યાં સુધી દેવામાંજ ધર્મ સમજનાર છે.

વળી પોતાની લાચારી દેખાડી, બીજાની મદદ મેળવવા માટે આંસુ ખેરવનારાઓ ધાર્મિક દીલ ધરાવનાર કહાયજ હશે! બલ્કે બીજાની સખાવતનાં ઉમેદવારો, હ૦ પેગમ્બરના ફરમાનથી વેગળા જઈ પોતાને હમેશના ભીખારી હાલતમાં રહેવાનું પસંદ કરનારા સિવાય કોઇ નથી. મારા આ વિવેચનની કદર તેઓજ કરશે, જેઓ હાલની સખાવતનો ગેર લાભ લેનારાથી વાકેફ હશે—તેની ખાત્રી માટે, ખોજા કોમમાં જે થોડક નિરાશ્રિત ફંડો છે, તેની જાતિ મુલાકાત લઇ તેમના કાર્ય વાહકોને પૂછી જોવાથી જણાશે કે, આવી રીતે જાહેરમાં મદદ મેલવવા દોડાદોડી કરનાર અને તેમાં તેના પાસે આંસુ ખેરવનારની અંગત હાલત તપાસતાં, એક કે બે હજાર કે તેથી વધુ રકમો વ્યાજુ તરીકે, કોઇ બીજાજ આસામીને ત્યાં પડેલી હોય છે.

ભીખ મગાવવાની હીમાયત કરનાર અમારા સુધારક લેખકોની સકટ નિવારણ ફંડના નામે માંગણી કરનારાઓ ખરી રીતે ગરીબ કુટુંબના અને કોમના શત્રુઓજ દેખાશે. બલ્કે નામદાર આગાખાન જેવા ધર્મગુરૂનાં પૈસા તરફ ડોળો રાખનારની હસદ ખોરીનુંજ કારણ માલુમ પડશે.

ઘણા ખોજા ગૃહસ્થો તરફથી નિરાશ્રિત ફંડો સ્થપાયલા છે, ને વધુની જરૂર માનનારાઓની ભલામણમાં, ક્યારેય પણ આગેવાન શ્રીમંતોને માટે કદીપણ કહેવામાં નથી આવતુ, કે જેઓની કોમાભિમાન તરીકે મદદ કરવાની પ્રથમ જરૂરી છે. પરંતુ જ્યારે ત્યારે નામદાર આગાખાન સાહેબ, કે જેઓ પણ કોમનાં શ્રીમંતોને તથા વેપારી ગૃહસ્થોને ફરમાવે છે, કે તમો તમારા જાતભાઇઓને બહેનાર મદદ કરવાની ફરજ સમજો. તે નામદાર પણ ભીખની સખાવત ખોજા કોમનો પોતાનો મુરીદ લે, એવું દુરઅંદેશ અને બહેતરીના કારણે પસંદ કરતા નથી.

બાકી વેપાર કે સાદા ધંધે લગાડવા ને ઉન્નતીનાં રસ્તા બતાતવા એકથી અનેક વખત નામદાર આગાખાન સાહેબે ફરમાવેલું છે, છતાં કોણ ધ્યાન દીયે છે? શા માટે તેવાઓને કોમી મદદ માટે કહેવામાં નથી આવતું? કે જેઓ બીજી કોમો માટે લાખો રૂપૈયા ખરચીને જાહેરમાં માન પાન લેવા દોડ ધામ કરે છે.

આ રીતે ટિકાખોરો કોમી દુરઅંદેશ નથી, અથવા તો હસદ અને કોતાહ ખ્યાલના લીધે, કોમનાં આસું લુછવા કરતાં, વધુ રડાવવા માગે છે! ને કોમમાં ધાર્મીક લાગણી દુખવીને રીતનો બરપા કરે છે, અને તેટલા માટે તેવાઓને "ઇસ્માઇલી" પત્ર તરફજ ભલામણ કરવાનું પસંદ કરશો, જેથી બધી પચાતી દુર થાય.

ધી ઇસ્માઇલી

—

આ મંડળનો હેતુ એ છે કે જ્યારથી ઇસ્માઇલીયા ફીરકાનાં સિદ્ધાંતો અને ધર્મ ગ્રંથો ગુજરાતી લીપીમાં છપાઇ પ્રગટ થવા માંડયા છે. ત્યારથી તથા તેનાં પ્રચારકનાં કાર્યને લઇ જે જે ધારમીક બાબતો જાહેરમાં ચરચાવામાં આવે છે તેથી સંતપંથ ધર્મના નામે ઇસ્માઇલી આગાખાની ફીરકા વિષે તરેહવાર ચરચા જાહેર અન્ય પ્રજાવર્ગમાં થતી સંભળાય છે, ને અમારા "ઇશાઅતે-ઇસ્લામ"નાં કાર્યની ફત્તેહમંદ કોશીશોનાં લીધે અજબ રીતની વિરૂધતા કરતા જોવામાં આવે છે. અને તેની વાતોના ખોરાક તરીકે કેટલાક ખોજા શિયા ઇમામી ઇસ્માઇલીયા જમાતમાં ગણાતા ખુદ ખોજા લોકોજ સંપુર્ણ સમજની ગેરહાજરીનાં લીધે જાહેર ટીકાનાં કારણ રૂપ બને છે. તેથી "ઇસ્માઇલી સાહિત્ય મંડળ" તરફથી તેવા દરેક પ્રયત્નોનો "સતપંથ સાહિત્ય સીરીઝ" તરીકે ટુંકા જવાબની બુક મારફતે અટકાવવા અને અમારા ફીરકાના નિરમળ સિદ્ધાંતો અન્ય ધર્મ પ્રેમીયોને સમજાય તેવા શુદ્ધ હેતુથી. આ સંસ્થા કાય કરે છે.

"સતપથ સાહિત્ય સીરીઝ" તરીકે બુકો નફો કરવાના હેતુ વગરજ તદ્દન સસ્તી પડતે કીમત વેચાશે. કે જેથી આ સંસ્થા જેટલો ખર્ચ કરે, તેટલો વસુલ થતાં બીજી વધુ બુકો પ્રગટ કરી શકાય. અને તેટલા માટે, ધર્મ પ્રેમી ગ્રહસ્થોને આ સીરીઝની બુકો પ્રત્યે મદદનો હાથ લંબાવી સતપંથ સાહિત્યની ઉન્નતિ તરફ પ્રેમ બતાવવા નમ્ર અરજ છે કે, મદદ તરીકે

ક બીજી સં
કાની સીરી
ર કરવામાં આ
મ મજકુર

દાખલ કર્યા.

એકંદરે અમારો આ સાહસ સત ધર્મની સ સેવા કરવાનો અને સસ્તી કીંમતે નાની નાની પ્રગટ કરી અન્ય ધર્મ પ્રેમીયોને સત્ય ધર્મ ક લાભ આપવાનો તથા આકા ટીકાકારોને મુક્ત કરવા. તે સિદ્ધ થાઓ: એમ જગતનિયંતા પ્રત્યે પ્રાર્થના છે.

છપાય છે! છપાય છે!! છપાય છે!!!

સતપંથ સાહિત્ય સીરીઝ

નંબર ૨ જો તથા ૩ જો.

“મ ઉપદેશક ભાનુઆ”-તથા “આત્મ અને “પરબાર્ફેલી-પીરોની વિદ્વતા” એ ના તથા ત્રીજા નંબરની બુક્સ ચાલુની ... અનુઆને ભાવ ભલામણ કરવામાં આવે છે.

લગભગ ૫૦૦ વરસ સુધી ગુપ્ત રહેલા પુરાણ સિદ્ધાંતોમાં શું ખુબી છે! તે જોવાને આ તકનો ક માટે અને શાંતિ મેળવી તે વાંચીને સમજવા પ્રયત્ન ક અમારી વિનંતી છે.